# જુના લક્ષ્મીપુરામાં જંગલી જાનવરે ભેંસને ફાડી ખાધી હોવાની રાવ

પાલનપુર

પાલનપુર શહેરના જૂના



લક્ષ્મીપુરામાં એક ભેંસના બચ્ચાને જંગલી જાનવરે ફાડી ખાધું હોવાનો બનાવ સામે આવ્યો છે.

પાલનપુરના જુના લક્ષ્મીપુરા રામજી નગર ભાગ-૧ માં ગત રાત્રી દરમિયાન એક વિચિત્ર ઘટના ઘટી હતી. જેમાં કોઈ જંગલી જાનવરે ભેંસના બચ્ચાને ફાડી ખાધું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જેને પગલે જૂના લક્ષ્મીપુરા વિસ્તારના રહીશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

વેજુ નામના પ્રાણીએ ભેંસના બચ્ચાને માર્યો હોવાનું સ્થાનિકોનું અનુમાન છે. ત્યારે સ્થાનિક લોકોએ ફોરેસ્ટ ખાતાને જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી. પાલનપુરમાં બીજી વખત આવો બનાવ બન્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.થોડાક સમય અગાઉ વનવિભાગે વેજુ નામના પ્રાણીને પાલનપુર પથક માંથી પકડ્યું હતું.

# પાલનપુરમાં ઘર આંગણે દાતણ કરતા વૃધ્ધા ઉપર જીપ ફરી વળતા મોત

## ગફલત ભર્યું ડ્રાઇવિંગ કરનાર જીપ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાયો

પાલનપુરના લક્ષ્મીપુરા વિસ્તારમાં વહેલી પરોઢે ઘર આગળ દાતણ કરતા વૃધ્ધા ઉપર જીપ ફરી વળતા અકસ્માત સર્જાયો હતો આ દુર્ઘટના માં વૃધ્ધા નું મોત નિપજતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. આ અંગે પોલીસે ગફલત ડ્રાઈવીંગ કરનાર જીપ ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરીને બનાવ ની તપાસ હાથ ધરી છે.

પાલનપુર લક્ષ્મીપુરા ના નવાયોગ વેદાંત આશ્રમ વાળી શેરી માં રહેતા ૭૫ વર્ષીય વૃધ્ધા પારૂબેન બાબુજી ઠાકોર મંગળવાર ની વહેલી પરોઢે પોતાના ઘર આગળ દાતણ પાણી કરી રહ્યા હતા દરમ્યાન આજ શેરી માં ભાડે રહેતાં ડીસા તાલુકાના ધાડા ગામના મોહનશીંગ સવુસિંહ દરબારે પોતાની જીપ નું ગફલત ભર્યું દ્રાઈવીંગ કરી ને વૃધ્ધા ને જીપ ની ટક્કર મારતા વૃધ્ધા નીચે ૫ પડી જતા તેમની ઉપર જીપ નું ટાયર ફરી વળતા તેમનું મોત નીપજ્યું હતું બનાવ ના પગલે પરીવાર માં શોક ની લાગણી છવાઈ જવા પામી હતી જ્યારે આ અકસ્માત મામલે વૃધ્ધા ના પુત્ર જવાનજી બાબુજી ઠાકોરે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે જીપ ચાલક વિરૂઘ્ધ ગુનો દાખલ કરાવતા પોલિસે ગફલત ભર્યું દ્રાઈવીંગ કરનાર જીપ ચાલક ને ઝડપી પાડવા ના ચક્રોગતીમાન કર્યા છે.

# વડગામ સરસ્વતી કન્યા વિદ્યાલયની કરાટે ટીમ બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાને

વડગામ, તા. ૨૬

વડગામ માં આવેલી



રાજપૂત કેળવણી મંડળ સંચાલિત સરસ્વતી કન્યા વિદ્યાલય વડગામ સ્કૂલની છાત્રાઓની કરાટે ટીમ બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ટીમ રાજ્યક્ષાએ કરાટેમાં પોતાનું પ્રભુત્વ બતાવી સ્કૂલ અને તાલુકાનું નામ રોશન કરશે.

તાલુકા મથક વડગામ ખાતે આવેલી રાજપૂત કેળવણી મંડળ સંચાલિત દ્વારા કન્યા વિદ્યાલય તાલુકામાં માત્ર એક જ છે અને આ સ્કૂલની છાત્રાઓની કરાટે ટીમે બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતુ જેમાં સ્કૂલ તથા તાલુકાનું નામ રોશન કર્યું છે.

આ ટીમ રાજ્યકક્ષાએ કરાટેમાં પોતાનું પ્રભુત્વ બતાવ્યું છે. આ કરાટે ટીમમાં સરસ્વતી સ્કૂલની ધોરણ ૯ની છાત્રાઓએ ભાગ લીધો હતો. જેમાં ઉમરવા અંજલિ ગણેશભાઈ કન્યા હવે રાજ્યકક્ષાની ટીમમાં ભાગ લેશે. સ્કૂલમાંથી જુડોમાં પરમાર ઝલકબેન, પરમાર ક્રિષ્નાબેન, કુંભાર રવિનાબેન, ત્યારે ચેસમાં બિહારી આલમિંબાનું, હડિયોલ મેઘનાબેન, પરમાર પ્રિયાંસી અને હોકીમાં વિહોલ આશાબેન, ભૂતદિયા ખુશ્બુ, પ્રજાપતિ દિવ્યાબેન સહિત વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની વિવિધ રમતોમાં સિલેક્ટ થયા છે. શાળા પરિવારે કરાટે ટીમ, કોચને ખુબ ખુબ અભિનંદન આપી અવિરતપણે પ્રગતિ સ્કૂલ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.

# પાલનપુર ખાતે ૧૫ સપ્ટેમ્બરના રોજ ડાક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોનો નિકાલ કરવા માટે તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ સવારે-૧૧ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા, પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે ફરિયાદ/આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, અધિક્ષક ડાકઘરની કચેરી, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરને તા. ૫-૯-૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવાયું છે. ત્યારબાદ આવેલ ફરીયાદ/આવેદનપત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. તેમ પોસ્ટ વિભાગના અધિક્ષકે અખબારીયાદીમાં જણાવ્યું છે.

# હિંમતનગરમાં જીપીએસસીના તાલીમ વર્ગનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ઉમિયા પરીવાર વાડીમાં તાજેતરમાં જીપીએસસીના તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો છે. જેમાં જિલ્લાના અંદાજે ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. આ શુભારંભ પ્રસંગે ઉમિયા પરીવારના ડૉ. ચિમનભાઈ પટેલ, દાનજીભાઈ પટેલ, કાંતીભાઈ પટેલ, સંજયભાઈ પટેલ સહીત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શ્રેષ્ઠીઓ, દાતાઓ તથા શિક્ષણવિદો હાજર રહ્યા હતા.

# ગંભીરપુરા ગામના યુવકને ઝેરી જનાવરે દંશ દેતા સારવાર દરમ્યાન મોત નિપજ્યું

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા ગામના યુવકને ઝેરી જનાવરે રાત્રે દંશ દેતા સારવાર દરમ્યાન મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. રણજીતભાઈ મોડીયાએ જણાવ્યું હતું કે ગંભીરપુરા ગામના સુનિલભાઈ શંકરભાઈ ભગોરા (ઉંમર વર્ષ-૨૪) તેઓ તા. ૨૪/૭/૨૦૧૯ ને બુધવારના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં ઘરેથી ચાલતા-ચાલતા પગદંડી રસ્તા ઉપરથી દુકાન તરફ જઈ રહ્યા હતા. કોઈ ઝેરી જનાવરે યુવકના ડાબા પગના પંજાના ઉપરના ભાગે દંશ દેતા પ્રાથમીક સારવાર અર્થે ભિલોડા ખાતે સંજીવની હોસ્પિટલમાં ખસેડાયા પરંતુ વધુ સારવાર અર્થે લાઈફ લાઈન હોસ્પિટલ, ઈડર ખાતે ખસેડાયા પણ સારવાર દરમ્યાન યુવકનું મોત નિપજતા ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં પી. એમ. અર્થે મૃતદેહ લાવતા ડાં. દિનેશભાઈ ચૌધરી, ડાં.રોનકભાઈ બોડાતએ પી. એમ. કરીને મૃતદેહ પરીવારજનોને સોપ્યો હતો. ગંભીરપુરા ગામના રાકેશભાઈ દિલીપભાઈ ભગોરાએ પોલીસ સ્ટેશનમાં ખબર આપતાં પોલીસએ સી.આર.પી.સી.૧૭૪ મુજબ એ.ડી. નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# બનાસકાંઠામાં હવામાન ખાતાની ભારે વરસાદની આગાહીથી તંત્ર હાઈ એલર્ટ

### બનાસકાંઠા કલેક્ટર દ્વારા તાલુકાના અધિકારીઓને તથા કર્મચારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા સુચના

બનાસકાંઠા જિલ્લામાં હવામાન ખાતા દ્વારા તા ૨૭-૭-૨૦૧૯ થી તા ૨૯-૭-૨૦૧૯ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. જેને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા મથકો ઉપર મામલતદાર, નગરપાલિકાના ચીફ ઓફિસરોને તેમજ તાલુકા વિકાસ અધિકારીઓને તા.૨૭-૭-૨૦૧૮ થી તા. ૨૯-૭-૨૦૧૯ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી જરૂરી તકેદારી રાખવાની તેમજ જાનમાલની, જાનહાની કે અન્ય નુકશાન ન થાય તે માટેના તમામ આગોતરા પગલાં લેવા તેમજ જરૂરી કાર્યવાહી કરવા કલેકટર કચેરીના ડીઝાસ્ટર વિભાગ દ્વારા જણાવાયું છે.

# પાલનપુર સિવિલના હડતાલ પર ઉતરેલા કર્મચારીઓની કૉંગ્રેસ અગ્રણીઓ મુલાકાતે



પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કામદારો અપૂરતા વેતન સહિતની માંગણીઓ સાથે છેલ્લા એક સપ્તાહથી હડતાળ પર છે. ત્યારે આજે કૉંગ્રેસ અગ્રણીઓએ તેમની મુલાકાત લીધી હતી.

પાલનપુર સિવિલ હોસ્પિટલના ૫૦થી વધુ કામદારો કલેકટર કચેરી સામે હડતાલ પર બેઠા છે. છેલ્લા ૮ દિવસથી પોતાની માગણીઓના સમર્થનમાં કામદારો આંદોલન ચલાવી રહ્યા છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ ના પ્રમુખ દિનેશ ગઢવી અને જિલ્લા પંચાયતના ડેલીગેટ રવિરાજ ગઢવી સહિતના અગ્રણીઓ એ હડતાલીયા કામદારોની મુલાકાત લીધી હતી. તેઓએ કામદારોની વ્યાજબી માંગણીઓનો સત્વરે ઉકેલ આવે તેવી માંગ કરી હતી.

# ખેડબ્રહ્માના ઊંચી ધનાલ ગામનું ગૌરવ



ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના ઊંચીધનાલ ગામના જોષી અશોકકુમાર પ્રહલાદભાઈનો પુત્ર પર્વ જવાહર નવોદય વિદ્યાલય ધનસુરા ખાતે ધોરણ-૯માં અભ્યાસ કરે છે. જોષી પર્વની અંડર-(૧૭) હોકી પ્રતિયોગીતા ૨૦૧૯ માં રાષ્ટ્રીયસ્તરે ઓડિસ્સા ખાતે પસંદગી થતાં ઊંચીધનાલ ગામ તથા ગઢવાડા બ્રહ્મસમાજનું ગૌરવ વધારેલ છે.

# પાલનપુરમાં બાળકી અપહરણ મામલામાં ચોકવનારો ખુલાસો

## આરોપી મહિલાએ નવ માસ સુધી ગર્ભવતી હોવાનું નાટક કર્યું અને પતિને ખબર પણ ના પડી

પાલનપુર, તા.૨૬

પાલનપુરમાં નિઃસંતાન માતા એ સંતાન પ્રાપ્તી માટે દોઢ મહિનાની બાળકી નું અપહરણ કર્યુ હોવાની ઘટના બની હતી જો કે આરોપી મહિલા ગણતરી ના કલાકો માંજ પકડાઈ જતા પીડિત પરિવાર અને પોલીસ એ હાશકારો અનુભવ્યો હતો.પાલનપુર માલણ દરવાજા નજીક ઝમઝમ સોસાયટી માં છેલ્લા પાંચ વર્ષથી ભાડા ના મકાન માં રહેતી સીમા નામની મહિલા રહે છે સંતાન ન હોવાના લીધે તેણે કોઈના તાજેતર જન્મેલા બાળક ની ઉઠાંતરી કરવાના ઈરાદે તેને પહેલા એક પ્લાન તૈયાર કર્યો હતો કોઈને શંકા ના જાય તે માટે પોતે સગર્ભાવસ્થા છે તે બતાવા માટે પેટ ના ભાગે કાપડ નો ડૂચો ભરાવી દીધો હતો. અને સરકારી યોજનાનું લાભ આપવા માટે જનતા નગર ટેકરા વિસ્તારમાં લોકો પાસેથી ઘરે ઘરે જઈને ડોક્યુમેન્ટ ભેગા કર્યા હતા અને ડોક્યુમેન્ટ ના આધારે તાજેતર માં જન્મેલા સંતાન ની વિગત જાણી હતી બાદમાં જનતા નગર માં રહેતી મેહરુનબેન શેખ ના ઘરે જઈને વિશ્વાસ જીતી લઈને આરોપી મહિલા ઘર પોહચી હતી અને દીકરી નામે જનસેવા કેન્દ્રમાં ફોર્મ ભરી ૫૦૦૦ રૂપિયા આપવાની લાલચ આપી હતી.દોઢ મહિના ની બાળકી તેની માતા અને માસી સાથે મહિલા આરોપી પણ પાલનપુર જન સેવા કેન્દ્ર પોહચી હતી જ્યાં સમયનો ફાયદો ઉઠાવી દોઢ મહિના બાળકી લઈને આરોપી મહિલા રીક્ષા માં ફરાર થઈ ગઈ હતી જો કે માસૂમ બાળકી માતા ને પોતાની માસૂમ દીકરી નું અપહરણ થયું હોવાનું આ વાત ની જાણ થતાં તેને પોલીસ ને જાણ કરી શોધખોળ આદરી હતી ત્યારે માલુમ પડ્યું હતું કે બાળકી નું અપહરણ કરનાર મહિલા ઝમઝમ સોસાયટી તરફ ગઈ છે પોલીસ એ ખૂબ મહેનત બાદ આરોપી મહિલા સાથે તેના ઘરે થી બાળકી ને કબજે લઈને તેના પરિવાર સોંપતા પોલીસ પણ હાશકારો લીધો હતી અને આરોપી મહિલા ને પોલીસ કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથધરી હતી પાલનપુરમાં દોઢ માસની બાળકી ના અપહરણ ના મામલે જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુલ એ પત્રકારો સાથેની વાતચીતમાં માં ચોકવનારો ખુલાસો કર્યો હતો એસ પી પ્રદીપ સેજુલ એ જણાવ્યું હતું કે આરોપી મહિલા સીમા એ નવ માસ સુધી પેટ પર કાપડ નું ઓસુકી બાંધી રાખ્યું હતું અને નવ માસ સુધી ગર્ભવતી હોવાનું નાટક કરી તેના પતિ ને પણ ખબર પડવા નોહતી દીધી અને જ્યારે નવ માસ પુરા થયા ત્યારે બાળકી નું અપહરણ કરી સંતાન થયું હોવાનું સમાચાર વહેતા કર્યા હતા જો કે પોલીસ અને ઝડપી પાડતા ગર્ભવતી હોવાનો ભાંડો ફૂટયો હતો.



# અમદાવાદમાં કારદેખો ગાડીના બે સ્ટોર લોન્ચ

## કંપનીની વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતમાં ૨૦૦ સ્ટોર્સ શરૂ કરવાની યોજના

અમદાવાદ, તા. ૨૬

પ્રી-ઓન કારના રીટેલ ઓક્શન મોડેલ કારદેખો ગાડી સ્ટોરે આજે અમદાવાદમાં બે સ્ટોર્સ શરૂ કર્યા છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતમાં ૨૦૦ ગાડી સ્ટોર્સ શરૂ કરવાના કારદેખોના મહત્વાકાંક્ષી અભિયાનના ભાગરૂપે આ સ્ટોર્સ શરૂ કરાયા છે. તેણે દિલ્હી-એનસીઆર, બેંગ્લોર, જયપુર, પૂણે અને લખનઉમાં ૪૧ સ્ટોર્સ શરૂ કરી દીધા છે.

અમદાવાદની સાથે હૈદરાબાદ અને મુંબઈમાં પણ સ્ટોર્સ શરૂ કરાયા છે. અમદાવાદમાં કારના ખાસ કરીને પ્રી-ઓન કારના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. નવા સ્ટોર્સ સાથે કારદેખો ગાડી સ્ટોરનો આશય તેના ગ્રાહકોને એવું વન સ્ટોપ શોપ સ્થળ પુરૂ પાડવાનો છે, જે તેમને તેમની કાર માટે મહત્તમ રીસેલ વેલ્યુ ઓફર કરવાની સાથે અવરોધમુક્ત વાહન ખરીદીનો અનુભવ પૂરો પાડશે. આ સ્ટોર્સ આરસી ટ્રાન્સફર, લોન ક્લોઝર સહાય, તુરંત નાણાં ટ્રાન્સફર અને કારની પદ્ધતિસરની તપાસ સાથે ગ્રાહકોને મદદરૂપ થશે.

ગાડી.કોમના સહસ્થાપક અનુભવ દીપે જણાવ્યું હતું કે, 'યુઝડ કાર બજારમાં ૮૫ ટકા હિસ્સો હજી પણ અસંગઠિત છે, તેથી કારદેખો ગાડી સ્ટોર્સની જરૂર છે. અમારો આશય ભારતીય ઉપખંડમાં સ્ટોર્સના અમારા વર્તમાન અને આગામી નેટવર્કના સાથે યુઝડ કારનું સરળ અને પારદર્શી વેચાણ પુરૂ પાડવાનો છે. અત્યાર સુધીમાં અમારા ગ્રાહકોના પ્રતિભાવે વધુ આગળ વધવા માટે અમારો ઉત્સાહ વધાર્યો છે અને અમે આ ક્ષેત્રમાં વ્યાપક વૃદ્ધિના આધારે અમારા ભાવી અંગે સકારાત્મક છીએ.

# ગઢોડા દુષ્કર્મ કેસના મોડાસામાં પ્રત્યાઘાત

## વી.એચ.પી.એ જિલ્લા કલેક્ટરને આવેદપત્ર આપ્યું

મોડાસા, તા. ૨૬

હિંમતનગર નજીક ગઢોડા ગામે ખેતરમાં શ્રમજીવી પરિવારની



મહિલાને મધ્યરાત્રીએ ગાડી બગડી હોવાનું જણાવી પાણી માંગવાને બહાને પશુ તસ્કરી માટે પહોંચેલા ૫ પશુચોરમાંથી રાણાસૈયદના શાહરૂખ ઉર્ફે બોડો યાકુબ મુલતાની અને ચાંદટેકરીના તૌફીક સફી મુલતાની નામના બંને શખ્સોએ દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી ગઈ હતી.

શ્રમજીવી પરિવારની મહિલા સાથે પતિ અને બાળકોની નજર સમક્ષ ઓરડીમાં દુષ્કર્મ આચરતા તેના પડઘા સાબરકાંઠા અરવલ્લી જિલ્લામા પડ્યા હતા જેમાં ૩ આરોપીઓની પોલીસતંત્ર દ્વારા ધરપકડ કરાઈ છે બે આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાથી બંને આરોપીઓને ઝડપી પાડવા માટે અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી શ્રમિક પરિવાર માટે ન્યાયની માંગ કરી હતી. ચાંદટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં પશુ તસ્કરી કરનાર અસામાજિક તત્વો અને અને ગેરકાયદેસર કતલખાના ચલાવી ગૌ હત્યામાં સંડોવાયેલા કેટલાક શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી.



કારગિલ વિજય દિવસ નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રાજ્યમાં પણ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કારગિલ વિજય દિવસની ઉજવણી પ્રસંગે તેમજ શહિદોની શહાદતોની યાદમાં સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## દિપડો દેખાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ પણ દિપડાએ કરેલા મારણના અવશેષો સહીત ગ્રામજનોએ દિપડાને જોયો હોય તેવી ફરિયાદના અંતે વનતંત્ર દ્વારા પાંજરુ પણ મુકવામાં આવ્યુ હતુ. પરંતુ દિપડો હજુ સુધી પાંજરે પુરાયો નથી. વનવિભાગના અધિકારીઓને મુબારકપુરમાં દિપડો હોવાની જાણ થતા આ વિસ્તારમાં તાત્કાલિક સર્ચિંગ કરી પાંજરુ મુકી દેવાયુ છે. જયારે દિપડાને પકડવા માટે જી જાનથી પ્રયાક કરવામાં આવી રહ્યો છે. છેલ્લ ઘણાં સમયથી આ વિસ્તારમાં દિપડાનો કાયમી વસવાટ છે. ત્યારે દિપડાને પકડવાનુ હવે વનતંત્ર માટે ચેલેન્જરૂપ બન્યુ છે. મુબારકપુરમાં દિપડાએ દેખા દેતા સ્થાનિક ગ્રામજનોમાં પણ ભય પ્રવર્તયો છે.જયારે વનતંત્રના પ્રયાસ વચ્ચે ગ્રામજનો પણ વિશેષ તકેદારી રાખી રહ્યા છે.

## સાહસોનો નફો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. મૂડીરોકાણ પરનું વળતર ૨૦૧૩-૧૮ દરમ્યાન ૪.૯૦ ટકા અને ૬.૮૨ ટકા વચ્ચે રહ્યું છે. એવી જ રીતે કુલ ઈક્વિટી ૨૦૧૩-૧૪માં ૬૯૬૮૯.૫૭ કરોડ હતી જે વધીને ૨૦૧૭-૧૮માં ૯૯૭૮૪.૫૩ કરોડ થઈ હતી. ઈક્વિટી પરનું વળતર ૨૦૧૩-૧૬ દરમ્યાન ૦.૨૭ ટકા અને ૫.૫૬ ટકા રહ્યું છે જ્યારે ચોખ્ખી ખોટના કારણે તે ૨૦૧૬-૧૮માં શૂન્ય રહ્યું છે.

## ભિંજાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હળવા વરસાદ સાથે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી નજરે પડી હતી. સેકટરોમાં રીંગ રોડ પર નિચાળવાળી જગ્યાએ પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. જયારે સેકટરોમાં સફાઈના અભાવે વરસાદી વાતાવરણ વચ્ચે ગંદકીનુ પ્રમાણ પણ વધ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી હાઉકલી કરી વિદાય લેતા વરસાદે આજે હાજરી પુરાવતા નગરજનોને હાંશકારો થયો હતો.

## સ્ટેમ્પ વેન્ડર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળગતાઓને સ્ટેમ્પ આપી દેતા હોવાની ફરિયાદ પણ જિલ્લા કલેકટરને કરવામાં આવી છે. આ મામલે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે પગલા લેવાય તેવી પણ માંગણી કરવામાં આવી છે. સ્ટેમ્પ વેન્ડરોના વેચાણ રજીસ્ટરની તપાસ કરતા મોટાભાગના સ્ટેમ્પ એક જ વ્યકિતને વેચાણ થયા હોવાનુ પણ સ્પષ્ટ થશે.

## યાત્રા મોકૂફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પવિત્ર ગુફામાં બાબા બર્ફાની વિરાજમાન હોવાના કારણે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ છે.આ વખતે અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આશરે ૪૦ હજાર સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.આજે સવારે શ્રદ્ધાળુઓની નવી ટીમ રવાના કરવામાં આવી હતી.

## સસ્પેન્ડ કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની સાત વર્ષની સંસદીય અવધિ દરમિયાન આજ સુધી કોઈ પુરુષે ગૃહમાં આ પ્રકારની હરકત કરી નથી. આ વિષય મહિલાઓનો રહેલો નથી. ગૃહમાં અને અન્ય ગૃહોમાં પણ કેટલાક પુરુષોએ પોતાના સામાજિક, રાજકીય અવધિમાં મહિલાઓના સંરક્ષણને લઈને અવાજો ઉઠાવી છે. મહિલાઓનું નહીં બલ્કે પુરુષોનું પણ અપમાન છે. કેન્દ્રીયમંત્રીએ કહ્યું હતું કે, લોકસભા કોઈ એવી જગ્યા નથી જ્યાં પુરુષો કોઈ મહિલાઓની આંખમાં જોવા માટે પહોંચે છે. સમગ્ર દેશ જોઈ રહ્યું છે કે, કઈરીતે સંસદમાં અપમાનજનક નિવેદન કરવામાં આવ્યું હતું. વાતચીતનો વિશેષાધિકાર હોય છે પરંતુ મહિલાઓની સાથે આવું ખરાબ વર્તન કરવામાં આવે તો પોલીસનું સંરક્ષણ માંગવામાં આવે છે અને ચુપચાપ બેસીને મુકદર્શક બની શકીએ નહીં. ભાજપના નેતા રવિશંકર પ્રસાદે વિરોધ વ્યક્ત કરતા કહ્યું હતું કે, જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે શરમજનક છે. તેમણે ઉમેર્યું હતું કે, રમા વરિષ્ઠ અને અનુભવી નેતા તરીકે છે. અધ્યક્ષની ખુરશી ઉપર રમાદેવી બેઠા હતા. તેમની સામે જે ટિપ્પણી કરવામાં આવી હતી તે એટલી વાંધાજનક હતી કે, આને લઈને કોઈ નિવેદન કરવાની સ્થિતિમાં નથી. આઝમ ખાને માફી માંગવી જોઈએ અથવા તો તેમને સસ્પેન્ડ કરી દેવા જોઈએ. કેન્દ્રીયમંત્રી નિર્મલા સીતારામને નિવેદનની નિંદા કરી હતી અને કહ્યું હતું કે, જે શબ્દોનો ઉપયોગ આઝમ ખાને કર્યા છે તેને તેઓ દોહરાવવા માંગતા નથી. સમગ્ર દેશના લોકોએ આ બાબતને નિહાળી છે. આ માત્ર મહિલાઓનું અપમાન નથી બલ્કે એ મહિલાનું પણ અપમાન છે જે સ્પીકરની ભૂમિકામાં છે. મહિલાઓ સાથે જોડાયેલા મુદ્દાનું રાજનીતિકરણ કરવામાં આવી રહ્યું છે. તમામ લોકોને આની સાથે એક સાથે આવવાની જરૂર છે. કોંગ્રેસના નેતા અધિરરંજન ચૌધરીએ કહ્યું હતું કે, તેઓ આ ઘટનાનું સમર્થન કરતા નથી પરંતુ જેમની સામે ફરિયાદ છે તે લોકોના પક્ષને પણ સાંભળવાની જરૂર છે. ભાજપના સાંસદોએ જોરદાર ધાંધલ ધમાલ મચાવી હતી. સતત બીજા દિવસે ધાંધલધમાલનો દોર જારી રહ્યો હતો. ત્રિપલ તલાક બિલ ઉપર ચર્ચા વેળા ભારે હોબાળો જુદા જુદા પક્ષોના સભ્યોએ મચાવ્યો હતો.

## શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરીક્ષણ માટેનો રહેશે. ૨૩મી જુલાઈના દિવસે કર્ણાટકમાં ૧૪ મહિના જુની એચડી કુમારસ્વામી સરકાર વિશ્વાસમતમાં પડી ગઈ હતી. આનીસાથે જ હાલમાં ચાલી રહેલી ચર્ચાઓનો પણ અંત આવી ગયો હતો. મંગળવારે સાંજે વિધાનસભામાં વિશ્વાસમત પ્રસ્તાવ પર મતદાન થયા બાદ સત્તા પક્ષને માત્ર ૯૯ મત મળ્યા હતા જ્યારે ભાજપની તરફેણમાં ૧૦૫ મત પડ્યા હતા તે વખતે ગૃહમાં કુલ ૨૦૪ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## કારગિલ દિને

● અનુસંધાન પહેલાનું ચાલુ

સશસ્ત્ર દળના શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમની વીરતાની પ્રશંસા કરી હતી. રાજનાથ સિંહ, ભારતીય સેનાના વડા બિપિન રાવત, ભારતીય હવાઈ દળના વડા બિરેન્દ્ર સિંહ, નૌકા સેનાના વડા સુનિલ લામ્બાએ શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ ટ્વિટર ઉપર સવારે જ કહ્યું હતું કે, દેશમાં પ્રાણોની આહૂતિ આપનાર જવાનોના સાહસને તેઓ સલામ કરે છે. કારગિલ દિવસ અમારા સશસ્ત્ર દળોના સાહસ અને બલિદાનની યાદ અપાવે છે. જમ્મુ કાશ્મીરમાં દ્રાસ વોર મેમોરિયલ ખાતે સેનાના જવાનોએ પણ પુષ્પાંજલિ આપી હતી. જમ્મુ કાશ્મીરના કારગિલ જિલ્લામાં જુલાઈ ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ થયું હતું જેમાં ૫૦૦થી અધિકારીઓ અને જવાનોના મોત થયા હતા. સાહસી જવાનોને મરણોપરાંત વીરતા પુરસ્કાર પણ અપાયા હતા. ઓપરેશન વિજય તરીકે પણ આને યાદ કરવામાં આવે છે. અમર જવાન જ્યોતિ ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.